aashka HOSPITAL

# આશ્કા સ્પોટલાઈટ

## મે ૨૦૨૫ - આવૃત્તિ ૪

## મેડિકલ હાઇલાઇટ્સ

### નવીનતા

*આશ્કા ટીમ મા ડૉક્ટર્સ નુ ભાવભર્યું સ્વાગત*

1. ડૉ. કે. સી. મહેતા




અનુભવ અને શ્રેષ્ઠતાનો સંગમ. 35+ વર્ષથી ની રિપ્લેસમેન્ટ સર્જરી માં નિપુણતા. ગાંધીનગર માટે ગર્વની ક્ષણ.

## 2. ડૉ. કૌશિક ગજ્જર




આશ્કા હોસ્પિટલના લેપ્રોસ્કોપિક અને જનરલ સર્જન ડૉ. કૌશિક ગજ્જર, તેમની પ્રેક્ટિસમાં 38 વર્ષથી વધુનો વ્યાપક અનુભવ ધરાવે છે. 100,000 થી વધુ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરવાના પ્રભાવશાળી રેકોર્ડ સાથે, તેઓ સર્જિકલ સંભાળમાં વિશ્વાસ અને શ્રેષ્ઠતાના દીવાદાંડી તરીકે ઉભા છે.

## સારવાર માં શ્રેષ્ઠતા

આશરે 7 થી 10 ફૂટની ઊંચાઈએ બીજા માળેથી પડ્યા બાદ, 26 વર્ષીય મહિલા દર્દીને ગંભીર સંજોગોમાં આશ્કા હોસ્પિટલ માં લાવવામાં આવ્યા હતા. પડી જવાથી તેણીના શરીર પર ઘણી ઇજાઓ થઈ હતી અને કમર નીચે નો ભાગ સંવેદન શૂન્ય થઇ ગયેલ હતો. તેણીના કેસમાં ઇમર્જન્સી વિભાગ, ઓર્થોપેડિક અને ન્યુરોસર્જિકલ ટીમ ના સંકલન થી સારવાર ની તાત્કાલિક આવશ્યકતા જણાતી હતી.



aashka HOSPITAL

## હોસ્પિટલ પહોંચતા તેણીની ક્લિનિકલ સ્થિતિ નીચે મુજબ હતી.

- બંને નીચેના અંગોમાં સંપૂર્ણ મોટર અને સંવેદનાત્મક નુકશાન (પેરાપ્લેજિયા)
- શરીરના નીચેના ભાગમાં સ્પર્શની સંવેદનાનો અભાવ
- બંને ઉપલા અંગોમાં સ્પોનટેનીયસ મુવમેન્ટ



D11 વર્ટેબ્રલ સ્તરે કરોડરજ્જુની ઇજાને કારણે દર્દીને સંપૂર્ણ પેરાપ્લેજિયા હોવાનું નિદાન થયું હતું, તેમજ કાંડા નું ફ્રેક્ચર અને સોફ્ટ પેશીની ઇજા હતી. દર્દી ની સ્થિતિની જટિલતા જોતા ઓપરેશન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

ઇમર્જન્સી વિભાગમાં પ્રારંભિક સ્થિરતા પછી, દર્દીને ન્યુરોસર્જિકલ મૂલ્યાંકન માટે ડૉ. રવિ ખેતાન, ન્યુરો અને સ્પાઇન સર્જન ને રીફર કરવામાં આવ્યા હતા. કરોડરજ્જુના એમઆરઆઇ સહિતની પ્રાથમિક તપાસ અને બ્લડ ઇન્વેસ્ટીગેશન તુરંત કરવામાં આવ્યા.

## ડૉ. રવિ ખેતાન દ્વારા કરેલ ઓપરેશન ની વિગત :

- D9 થી L1 સુધી પેડિકલ સ્ક્રુ ફિક્સેશન
- સ્પાઇનલ કોર્ડ ડિકમ્પ્રેસન
- ડ્યુરલ ટિયર રિપેર

## જેમાં ડૉ રવિ ખેતાન દ્વારા દર્દી ને ડાયાગ્નોસીસ કરવામાં આવ્યું:

- કોર્ડ રેટ્રોપલ્શન કમ્પ્રેશન સાથે D11 ફ્રેક્ચર

ઓપરેશન પછી, દર્દીને IV એન્ટિબાયોટિક્સ, પ્રવાહી, સ્ટેરોઇડ્સ અને દવાઓ દ્વારા સારવાર કરવામાં આવી.

ધીરે ધીરે, તેણીની સ્થિતિ સુધારવા લાગી - તાવ ના હતો, વાઇટલ્સ સામાન્ય હતા અને યુરિન આઉટપુટ પણ યોગ્ય માત્રામાં હતું. બધા બ્લડ રિપોર્ટ્સ નોર્મલ આવ્યા અને કોઈ નવી ફરિયાદો નહોતી. ત્યાર બાદ દર્દી ને દવાઓ અને રિહૈબિલિટેશન ની સલાહ સાથે ડિસ્ચાર્જ કરવામાં આવી.

## દર્દીઓના અભિપ્રાય



**સૃષ્ટિ ટંડન :**

તાજેતરમાં ડિહાઇડ્રેશન ના કારણે હું આશ્કા હોસ્પિટલ માં દાખલ થઇ હતી. મને મળેલી ઉત્તમ સારવારથી મને આનંદ થયો.
ડોક્ટરોથી લઈને નર્સો સુધીનો તમામ સ્ટાફ ખુબજ સચેત અને મદદગાર હતો. ડોક્ટરો હોશિયાર અને જાણકાર હતા, બધું સ્પષ્ટ રીતે સમજાવતા હતા. નર્સો કાર્યક્ષમ હતી અને મારી સંભાળ રાખવા તથા મારા પ્રશ્નોના જવાબ આપવા હંમેશા ઉપલબ્ધ રહેતી હતી. હોસ્પિટલ સ્વચ્છ હતી અને સારી રીતે જાળવવામાં આવતી હતી. ખોરાક સારો હતો અને ગુણવત્તા પણ ઉચ્ચ હતી.

મારી ખૂબ જ સારી સંભાળ રાખવામાં આવી હતી, અને એકંદર વાતાવરણ ખૂબ જ સકારાત્મક અને શાંત હતું. જેને તબીબી સારવાર ની જરૂર છે તેવા તમામ લોકોને હું આશ્કા હોસ્પિટલ ની ભલામણ કરીશ..

aashka HOSPITAL

## હોસ્પિટલ ના ઉત્કૃષ્ઠ કર્મચારી તથા વિભાગ




**શ્રેષ્ઠ ડીપાર્ટમેન્ટ**

સી.એસ.એસ.ડી



**શ્રેષ્ઠ કર્મચારી (મેડિકલ)**

લતાબેન ગોહિલ
(નર્સ)



**શ્રેષ્ઠ કર્મચારી (પેરા મેડિકલ)**

જીગ્નેશ પંડ્યા
(ટેકનિશિયન)



**શ્રેષ્ઠ કર્મચારી (નોન મેડિકલ)**

નવીન રાવલ
(મેઇન્ટેનન્સ)



**શ્રેષ્ઠ કર્મચારી (નવો સ્ટાફ)**

ડૉ નેન્સી
(એમ.ઓ.)

aashka HOSPITAL

## ઉજવણી







નર્સિંગ દિવસ ની ઉજવણી

## નિષ્ણાત ની સલાહ



# ચાર ધામ દરમિયાન આરોગ્યલક્ષી સુચનો

ડૉ. ફેનિલ કલારિયા
(ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ)

*તમારી પવિત્ર યાત્રા શરૂ કરતા પહેલા, થોડી સાવચેતીઓ તમારા સ્વાસ્થ્યનું રક્ષણ કરી શકે છે - અને કદાચ તમારા જીવનને બચાવી શકે છે.*

સરગાસણ અને રિલાયન્સ ક્રોસ રોડ વચ્ચે, ગાંધીનગર - 382421, ગુજરાત  75750 06000 | 75750 09366

aashka HOSPITAL

## ૧. તબીબી પ્રમાણપત્ર ફરજિયાત છે (ખાસ કરીને ૫૦+ વર્ષ ના યાત્રીઓ માટે)

*ચાર ધામ સુંદર છે પણ શારીરિક રીતે મુશ્કેલ છે.*

- જો તમારી ઉંમર ૫૦ થી વધુ હોય, તો ટ્રેક(ચઢાણ) પહેલાં તબીબી ફિટનેસ પ્રમાણપત્ર મેળવો.

## 2. ઊંચાઈની બીમારી સામાન્ય છે - ચિહ્નો જાણો

*માથાનો દુખાવો, ચક્કર, ઉબકા, શ્વાસ લેવામાં તકલીફ?*

- આ AMS (એક્યુટ માઉન્ટેન સિકનેસ) ના ચિહ્નો છે.
- AMS દવા સાથે રાખો અને લક્ષણોને અવગણશો નહીં.

## 3. ચઢાણ મુશ્કેલ છે - વધુ પડતું ન કરો

*જે હૃદય અને ફેફસાં પર તાણ લાવી શકે છે.*

- પોર્ટેબલ ઓક્સિજનનો ઉપયોગ કરો
- વારંવાર વિરામ લો
- જો જરૂરી હોય તો બચાવ માટે હેલિકોપ્ટર નું પ્રી-બુકિંગ કરો

## ૪. હવામાન ઝડપથી બદલાતું રહે છે - સ્માર્ટ પોશાક પહેરો

*તમે એક જ દિવસમાં તડકો, વરસાદ અને ઠંડીનો અનુભવ કરી શકો છો.*

- લેયર વાળા પોશાક પહેરો : જેકેટ તથા હાથ પગ ના મોજા
- હવામાન ગમે તે હોય, દરરોજ સનસ્ક્રીનનો ઉપયોગ કરો
- તમારા રોજિંદા સામાન માં વધારાના સૂકા મોજા રાખો

## ૫. ઇમર્જન્સી ને લગતી જાણકારી જીવન બચાવી શકે છે.

*મુસાફરી કરતા પહેલા:*

- નજીકના મેડિકલ કેમ્પ અથવા હોસ્પિટલોના સંપર્ક નંબરો મેળવી ને સાચવો.
- ઇમર્જન્સી સ્થળાંતર સેવાઓ શોધો
- આવા સંપર્કોને તમારા ફોનમાં ફીડ કરો

*આ યાત્રામાં આરોગ્ય એ તમારો સાચો સાથી છે.*

સરગાસણ અને રિલાયન્સ ક્રોસ રોડ વચ્ચે, ગાંધીનગર - 382421, ગુજરાત | 75750 06000 | 75750 09366

aashka HOSPITAL

## હેલ્થકેર ક્ષેત્રે સાથે મળીને આગળ વધવાનો પ્રયાસ :

આરોગ્ય ક્ષેત્રે અર્થપૂર્ણ પરિવર્તન લાવવાના આશયથી ગુજરાતભરની અગ્રણી સંસ્થાઓ સાથે સહયોગ કરવાનો અમને ગર્વ છે

### ૧. આસ્કા હોસ્પિટલ માં યોજાયેલ બાળરોગ શિબિર





*0 થી ૧૨ વર્ષની વયના બાળકો માટે 360° આરોગ્ય મૂલ્યાંકન.*

### 2. ગાંધીનગર જાયન્ટ્સ (ગુજરાત સુપર લીગ 2025) ના સત્તાવાર હેલ્થકેર પાર્ટનર





*ફિઝિયોથેરાપી સત્રોથી લઈને ઓર્થોપેડિક કન્સલ્ટેશન સુધી, અમારી મેડિકલ ટીમ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓની ફિટનેસ, સારવાર અને રિકવરી સપોર્ટ સુનિશ્ચિત કરવામાં સામેલ હતી.*